


# ભાજપ-કોંગ્રેસના રોજગારીના વચનો બિનઅસરકારક

### મીઠા સપનાઓની અનેક કડવી વાસ્તવિકતા છે : રાજકીય પક્ષો પોતાના ઘોષણાપત્રમાં મોટા વચનો આપે છે પણ જીત્યા બાદ વચન પાળવામાં આવતા નથી : રિપોર્ટ

રાજકીય પક્ષો ચૂંટણી આવતાની સાથે જ મોટા મોટા વચનો તેમના ઘોષણાપત્રમાં આપવા લાગી જાય છે. જો કે ચૂંટણીમાં જીત મેળવી લીધા બાદ આ પ્રકારના વચન ક્યારેય પાળવામાં આવતા નથી. નોકરીને લઈને દેશમાં નિરાશાજનક ચિત્ર છે ત્યારે કેટલીક કડવી વાસ્તવિકતા સપાટી પર આવી ગઇ છે. ચૂંટણી જીતીને સત્તારૂઢ થનાર કોઇ પણ રાજકીય પાર્ટી નોકરીને લઈને વચનો પાળતી નથી. હારનો સામનો કરનાર રાજકીય પક્ષ પણ સત્તા નહીં હોવાની વાત કરીને અવગણના કરે છે. રોજગારને લઈને વર્ષોથી મોટા મોટા વચન કોંગ્રેસ અને ભારતીય જનતા પાર્ટી દ્વારા આપવામાં આવ્યા છે પરંતુ ક્યારેય કોઈ સંતોષજનક કામ આ દિશામાં થયુ નથી. કોંગ્રેસની વાત કરવામાં આવે તો વર્ષ ૨૦૦૯માં કોંગ્રેસે ગ્રામીણ વિસ્તારોમાં રોજગાર ગેરંટી યોજનાને વિસ્તૃત કરીને દરેક બીપીએલ વ્યક્તિને ૧૦૦ રૂપિયાના હિસાબથી ૧૦૦ દિવસ માટે રોજગાર આપવાની વાત કરી હતી.

૩૦ હજાર રૂપિયાના રોકાણથી કોશલ વિકાસ માટે નેશનલ સ્કિલ ડેવલપમેન્ટ મિશન શરૂ કરવાનુ વચન આપ્યુ હતુ. આ ઉપરાંત પણ કેટલાક વચન આપવામાં આવ્યા હતા. બીજી બાજુ ભારતીય જનતા પાર્ટીએ પણ વર્ષ ૨૦૧૪માં મોટા વચન રોજગારીને લઈને આપ્યા તા. ભાજપે ભારે પ્રભાવશાળી ક્ષેત્રો જેમ કે શ્રમ આધારિત નિર્માણ અને પ્રવાસના વ્યુહાત્મક વિકાસની વાત કરી હતી. યુવાનોને રોજગારી માટે કેટલાક નવા કાર્યક્રમ શરૂ કરવાની જાહેરાત કરી હતી. કોંગ્રેસ પાર્ટીએ માસ્ટર સ્ટ્રોક તરીકે રમીને મનરેગા રોજગાર ગેરંટી યોજના શરૂ કરી હતી. વર્ષ ૨૦૦૬માં યોજના શરૂ કરવામાં આવી હતી. વર્ષ ૨૦૦૯માં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય રોજગાર ગેરંટી હેઠળ મનરેગા નામ આપવામા ંઆવ્યુ તુ. દાવો એવો કરવામાં આવ્યો હતો કે દર વર્ષે મનરેગા હેઠળ સરેરાશ પાંચ કરોડો લોકોને રોગારી આપવામા ંઆવી હતી.

વર્ષ ૨૦૧૩-૧૪માં બજેટ ૩૩ હજાર કરોડ રૂપિયાનુ રાખવામાં આવ્યુ હતુ. જ્યારે વર્ષ ૨૦૧૩-૧૪માં ૩૮૫૫૨.૬૨ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો તો. મોદી સરકારે પણ મુદ્રા યોજના શરૂ કરી હતી. વર્ષ ૨૦૧૫માં આ યોજના શરૂ કરવામાં આવી હતી. વર્ષ ૨૦૧૭-૧૮માં યોજના હેઠળ આપવામાં આવેલી લોનની સરેરાશ ૫૨૭૦૦ રૂપિયા રહેતા તેની પણ ચર્ચા રહી હતી.

## લોકશાહી પર્વના પ્રારંભની સાથે સાથે

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે ૧૭મી લોકસભાની ચૂંટણી માટેની પ્રક્રિયા આવતીકાલે પ્રથમ તબક્કામાં મતદાન સાથે થનાર છે. પ્રથમ તબક્કામાં ૨૦ રાજ્યોને આવરી લેતી ૯૧ સીટ પર આવતીકાલે મતદાન થશે. અભૂતપૂર્વ સુરક્ષા અને ભારે ઉત્સા વચ્ચે મતદાન થનાર છે. તમામ મતદાનવાળા રાજ્યોમાં તમામ તૈયારી કરી લેવામા ંઆવી છે.

- પ્રથમ તબક્કામાં ૨૦ રાજ્યોને આવરી લેતી ૯૧ સીટ પર મતદાન યોજનાર છે.
- નિતિન ગડકરી સહિત પ્રથમ તબક્કાની ચૂંટણીમાં અનેક મોટા માથા ભાગ્ય અજમાવી રહ્યા છે.
- લોકસભા ચૂંટણી માટેના કાર્યક્રમની ચૂંટણી પંચે ૧૦મી માર્ચના દિવસે જાહેરાત કરી દીધી હતી.ત્યારબાદ પ્રચારની કામગીરી ચાલી રહી છે.
- પ્રથમ તબક્કાની ચૂંટણી માટે પ્રચારનો મંગળવારના દિવસે અંત આવ્યો હતો
- લોકસભાની કુલ ૫૪૩ સીટો ઉપર સાત તબક્કામાં ચૂંટણી યોજનાર છે.જે પૈકી પ્રથમ તબક્કામાં આવતીકાલે મતદાન થશે
- ૧૭મીલોકસભામાં સત્તાની ચાવી કોની પાસે આવશે તે અંગેનો ફેંસલો ૨૩મી મેના દિવસે થશે.તમામ મતદારો પણ ઉત્સુક બન્યા
- તમામ મતદાન મથકો ઉપર વીવીપેટની વ્યવસ્થા કરવામાં આવી ચુકી છે. આનાથી વોટરો એ બાબતને જાણી શકશે કે, તેમના મત યોગ્ય ઉમેદવારને પડ્યા છે કે કેમ.
- તમામ મતદાન કેન્દ્રો ઉપર આ વખતે સીસીટીવી કેમેરા ગોઠવી દેવામાં આવ્યા છે. અને ચૂંટણી પ્રક્રિયાની વિડિયોગ્રાફી કરવામાં આવનાર છે
- સામાન્ય ચૂંટણીમાં ૯૦ કરોડ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકશે.
- ૨૦૧૪થી હજુ સુધી ૮.૪ કરોડ મતદારો વધ્યા છે. આમા પણ ૧.૫ મતદારો એવા છે જેમની વય ૧૮થી ૧૯ વર્ષની છે.
- ૧.૫ મતદારો એવા છે જેમની વય ૧૮થી ૧૯ વર્ષની છે. છેલ્લી ચૂંટણીમાં ૮૧ કરોડ મતદારો હતા. આ વખતે દેશભરના ૯૩.૩ ટકા મતદારોની પાસે ઓળખપત્ર રહેલા છે.
- ૨૦૧૪માં ચૂંટણી દરમિયાન આ સદીમાં જન્મેલા લોકોની વય ૧૮ વર્ષની ન હતી
- છેલ્લી ચૂંટણીની વાત કરવામાં આવે તો ૨૦૧૪માં સાત એપ્રિલના દિવસે પ્રથમ રાઉન્ડ માટે મતદાન થયું હતું જ્યારે ૧૨મી મેના દિવસે અંતિમ રાઉન્ડ માટે મતદાન યોજાયું હતું. ૧૬મી મેના દિવસે વર્ષ ૨૦૧૪માં ચૂંટણી પરિણામો જાહેર કરવામાં આવ્યા હતા.

## લોકસભાની ચૂંટણી બાદ જ પીએમ નરેન્દ્ર મોદી રિલીઝ

લોકસભાની ચૂંટણી પૂર્ણ ન થાય ત્યાં સુધી હવે પીએમ નરેન્દ્ર મોદીની બાયોપિક ફિલ્મ રજૂ કરી શકાશે નહીં. ચૂંટણી પંચ દ્વારા આ અંગેનો નિર્ણય કરવામાં આવ્યો હતો. તે પહેલા સુપ્રીમ કોર્ટમાં મામલો પહોંચ્યા બાદ સુપ્રીમ કોર્ટે આ અંગે નિર્ણય લેવાની જવાબદારી ચૂંટણી પંચ ઉપર છોડી હતી.

આચારસંહિતા અમલી હોવાના લીધે ફિલ્મને લઇને હોબાળો થઇ રહ્યો હતો. ચૂંટણી પંચે ફિલ્મની રજૂઆત પર બ્રેક મુકી દીધી છે. ચૂંટણી પંચનો નિર્ણય એવા સમયે આવ્યો છે જ્યારે આ ફિલ્મની રજૂઆતને લઇને ચર્ચા ચાલી રહી હતી. લોકસભાની ચૂંટણી માટે પ્રથમ તબક્કામાં મતદાન આવતીકાલે યોજાનાર છે. સુપ્રીમ કોર્ટે મંગળવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની બાયોપિક પીએમ નરેન્દ્ર મોદીની રજૂઆત ઉપર પ્રતિબંધ મુકવાની માંગ કરીને દાખલ કરવામાં આવેલી અરજીને ફગાવી દીધી હતી. કોર્ટે કહ્યું હતું કે, આ મામલા પર નિર્ણય લેવાનો અધિકાર ચૂંટણી પંચની પાસે છે. ફિલ્મ પર આક્ષેપ કરવામાં આવ્યો હતો કે, આ ફિલ્મ આદર્શ આચારસંહિતાનો ભંગ કરે છે.

કોર્ટે અરજીને ફગાવી દઈને કહ્યું હતું કે, હજુ સુધી સેન્સરબોર્ડે ફિલ્મને સર્ટિફિકેટ આપ્યું નથી. ફિલ્મ મોદીની બાયોપિક છે અને વોટર્સને પ્રભાવિત કરી શકે છે. મામલા ઉપર ધ્યાન આપી રહેલા લોકોનું કહેવું હતું. કોંગ્રેસના અભિષેક મનુ સિંઘવીએ હાલમાં જ કહ્યું હતું કે, ફિલ્મના ગીત ભાજપના પ્રચારમાં પણ ઉપયોગ કરવામાં આવી રહ્યા છે. ટ્રેલરમાં કેટલાક એવા સીન રાખવામાં આવ્યા છે જે મતદારોને પ્રભાવિત કરી શકે છે. અરજી કરનાર લોકોનું કહવું હતું કે કોર્ટ ફિલ્મના નિર્દેશકને ફિલ્મની નકલ આપવા માટે આદેશો જારી કરે.

# અમેઠીમાં રાહુલ ગાંધીએ શક્તિ પ્રદર્શન બાદ ઉમેદવારી નોંધાવી

### મેગા રોડ-શોમાં પ્રિયંકા ગાંધી પરિવાર સહિત હાજર રહ્યા : સુપ્રિમ કોર્ટમાં રાફેલના ચુકાદા પર બોલ્યા રાહુલઃ સુપ્રિમે પણ માન્યુ ચોકીદારે ચોરી કરી છે

કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ બુધવારે અમેઠી લોકસભા બેઠક પરથી પોતાની ઉમેદવારી નોંધાવી હતી. અમેઠીમાં સોનિયા ગાંધીને બાદ કરતા ગાંધી પરિવારના તમામ સભ્યો ત્રણ કિલોમીટર લાંબા રોડ શોમાં હાજર રહ્યા હતા. રાહુલ ગાંધીએ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે પોતાનું ઉમેદવારી ફોર્મ ભર્યું ત્યારે માતા સોનિયા ગાંધી હાજર રહ્યા હતા. રોડ શોમાં રાહુલ ગાંધી સાથે બહેન અને કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી, બનેવી રોબર્ટ વાડ્રા, ભાણેજો રિહાન અને મિયારા (પ્રિયંકા-રોબર્ટ વાડ્રાના સંતાનો) પણ હાજર હતા. રાહુલ ગાંધીના ત્રણ કિલોમીટર લાંબા રોડ શોમાં કોંગ્રેસ કાર્યકર્તાઓએ તેમના પર પુષ્પ અને ફૂલોની માળા પહેરાવીને જોરદાર સ્વાગત કર્યું હતું. રાહુલ ગાંધી,



પ્રિયંકા અને રોબર્ડ વાડ્રાએ રાહુલની બાજુમાં રોડ શોમાં ઊભા રહીને લોકોનું અભિવાદન કર્યું હતું. રોડ શો વખતે અમેઠીમાં એક ઉત્સવ જેવો માહોલ જોવા મળ્યો હતો.

ઉમેદવારીપત્ર ભર્યા બાદ રાહુલ ગાંધીએ કહ્યું કે પીએમ મોદીને ડિબેટ માટે રોજ પડકાર આપી રહ્યો છું અને આજે ફરી એકવાર તેમને પડકાર આપું છું. રાહુલે રાફેલ પર આવેલા સુપ્રીમ કોર્ટના ચુકાદા પર કહ્યું કે, સુપ્રીમ કોર્ટ પણ માની લીધું છે કે ચોકીદાર ચોર છે.

રાજકીય વિશ્લેષકોના મતે રાહુલ ગાંધી અમેઠીમાં ભાજપના ઉમેદવાર સ્મૃતિ ઈરાની સામે ટકરાશે. રાહુલના રોડ શોમાં કોંગ્રેસના સૂત્ર રૂ. ૭૨,૦૦૦ના ઝંડા પણ ફકરતા જોવા મળ્યા હતા. આ ઉપરાંત 'ચોકીદાર ચોર હૈ'નું સૂત્ર પણ ચર્ચામાં રહ્યું હતું. રોડ શોમાં કોંગ્રેસના દિગ્ગજ્જ નેતાઓ પણ હાજર રહ્યા હતા. રાહુલ ગાંધી અમેઠીથી ત્રણ વખત સાંસદ રહી ચૂક્યા છે અને તેમણે ચોથી વખત ઉમેદવારી ફોર્મ ભર્યું છે. અગાઉ ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં રાહુલ ગાંધીનો ભાજપના સ્મૃતિ ઈરાની સામે એક લાખ મતની સરસાઈથી વિજય થયો હતો.

## આજે અમેઠીથી સ્મૃતિ ઈરાની ઉમેદવારી ફોર્મ ભરશે

અમેઠીમાં રાહુલ ગાંધીની ટક્કર આ વખતે ફરી સ્મૃતી ઈરાની સાથે છે. સ્મૃતિ ઈરાની ૧૧ એપ્રિલે ઉમેદવારી ફોર્મ ભરવાની છે. આ દરમિયાન મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને અન્ય ઘણાં મંત્રીઓ હાજર રહેવાની શક્યતા છે. અમેઠીમાં સપા-બસપાએ તેમના કોઈ ઉમેદવાર જાહેર કર્યા નથી.



### પાલનપુરમાં ભાજપના ઉમેદવાર જાહેરસભા યોજાઈ

લોકોસભાની ચૂંટણીને ગણતરીના દિવસો બાકી રહ્યા છે.જેને લોઈ બનાસકાંઠામાં ભાજપ-કોંગ્રેસના ઉમેદવારો દ્વારા કાર્યક્રમો કરી મતદારોને રીજવવામાં આવી રહ્યા છે.જ્યારે બનાસકાંઠા લોકસભાના ઉમેદવાર પરબતભાઈ પટેલ દ્વારા પાલનપુરના જુદા-જુદા વિસ્તારોની મુલાકાત લઈ ભાજપ સરકાર દ્વારા કરેલા કાર્યો અંગે લોકોને માહીતગાર કરી ભારતીય જનતા પાર્ટીને મત આપી નરેન્દ્ર મોદીના હાથ મજબુત કરવા હાકલ કરી હતી.જેમાં આ કાર્યક્રમમાં ગણપભાઈ જાષી,લાલજીભાઈ પ્રજાપતિ,કુમુદબેન જાષી,હર્ષાબેન મહેશ્વરી,પ્રફુલાબેન સહીત ભાજપના કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## મોડાસા નગરમાં યુજીવીસીએલના અંધેર વહિવટના કારણે ભર ઉનાળામાં લોકો પસીને રેબઝેબ

મોડાસા, તા. ૧૦

નગરના શૈક્ષણિક તેમજ વેપારીના હાર્દ સમાન ચાર રસ્તાથી બસસ્ટેન્ડ સુધી તેમજ હોટલ પૂર્ણિમાથી મુખ્ય બજાર વિસ્તારમાં મંગળવારની સમી સાંજે વગર જાણ કરે બે કલાક સુધી એકાએક વીજળી વેરણ થઈ જતા વેપારીઓના ધંધાના સમયે તેમજ શૈક્ષણિક સંસ્થાઓમાં સ્કૂલ છૂટવાના સમયે બાળકો હેરાન પરેશાન થયા હતા. હોસ્પિટલમાં ઓપરેશનમાં મુશ્કેલી સર્જાવા પામેલ.

આમ યુજીવીસીએલ દ્વારા વગર નોટીસે સમી સાંજે વીજ પુરવઠો બંધ કરી દેવાતા લોકો તેમજ બાળકો તથા હોસ્પિટલમાં દર્દીઓ હેરાન પરેશાન થવા પામ્યા હતા. આ અંગે યુજીવીસીએલ ઓફિસે પૂછપરછ માટે ટેલિફોન કરતા ટેલિફોન બંધ હાલતમાં હતો તેમજ ડેપ્યુટી એન્જિનિયરના મોબાઈલ પણ મૂંગા બન્યા હતા. આમ ભર ઉનાળે વગર કારણે લોકો હેરાન પરેશાન હતા.



ભવાઈ, નાટક અને વેશભૂષા એ ગુજરાતની સૈકાઓ જુની પરંપરાગત લોકકલા છે અને આજે આવી અનેક લોકકલાઓ મૃતઃપાય થવાના આરે આવીને ઉભી છે. આ પરિસ્થિતિમાં ગાંધીનગરના પાદરે આવલા ધોળાકુવા ગામમાં ચૈત્રી નવરાત્રિ નિમિત્તે યોજાયેલ ભવાઈ-નાટક અને વેશભૂષાના કાર્યક્રમને અદભૂત લોકપ્રતિસાદ સાંપડયો હતો. ગ્રામજનોએ ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સમગ્ર કાર્યક્રમને માણવા સાથે કલાકારોને હર્ષની ચિચિયારીઓ તથા તાળીઓના ગડગડાટથી પ્રોત્સાહિત કર્યા હતા.

### નાઈપરનો એનઆઈઆરએફના રેંકીંગમાં

## દેશની ટોચની ફાર્મા ક્ષેત્રની ૧૦ શૈક્ષણિક સંસ્થાઓમાં સમાવેશ

નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ફાર્માસ્યુટિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ (નાઈપર), અમદાવાદે નેશનલ ઈન્સ્ટીટયુટ રેંકીંગ ફ્રેમવર્ક (ફ્રેંઈહ્ન)ના માનવ સંસાધન વિકાસ મંત્રાલય હેઠળની ટોચની ૧૦ ફાર્મા શિક્ષણ સંસ્થાઓ અને યુનિવર્સિટીઓના રેંકીંગમાં સમાવેશ પામીને એક ઐતિહાસિક સિમાચિન્હ હાંસલ કર્યુ છે. નાઈપર, અમદાવાદનો દેશની ટોચની ફાર્મા ક્ષેત્રની ૧૦ શૈક્ષણિક સંસ્થાઓમાં ૯માં ક્રમાંકે સ્થાન હાંસલ કર્યુ છે. નાઈપર, અમદાવાદ ટીચીંગ, લર્નિંગ અને રિસોર્સીસ (ટીએલઆર)માં ભારતની નંબર-૧ ફાર્મા ઈન્સ્ટીટયુટ તરીકે ચાલુ રહી છે. એનઆઈઆરએફના રેંકીંગ ૫ માપદંડ પર આધારિત હોય છે, જેમાં ટીચીંગ અને લર્નિંગ રિસોર્સીસ, સંશોધન અને પ્રોફેશનલ પ્રેકટીસ, ગ્રેજ્યુએશનના પરિણામો, પહોંચ અને સમાવેશિતા તથા દ્રષ્ટિકોણનો સમાવેશ થાય છે.

નાઈપર અમદાવાદના ડિરેક્ટર ડો. કિરણ કાલિયાએ માનવ સંસાધન અને વિકાસ મંત્રાલયના સચિવ આર. સુબ્રમણ્યમ અને યુજીસીના ચેરમેન ડી.પી. સિંઘના હસ્તે આ ટ્રોફી સ્વિકારી હતી. ડો. કાલિયા જણાવે છે કે 'નાઈપર અમદાવાદનો પ્રારંભ પર્ડના સિડલીંગ ઈન્સ્ટીટ્યુટ તરીકે થયો હતો. એ વખતે પર્ડ મેન્ટર ઈન્સ્ટીટ્યુટ હતી. આજે નાઈપર અમદાવાદ ખાતે અમે એનઆઈઆરએફના રેંકીંગમાં દેશની ટોચની ૧૦ ફાર્મા શૈક્ષણિક સંસ્થાઓમાં સ્થાન પામવાની આ મોટી સિધ્ધિ હાંસલ કરવા બદલ ગૌરવ અનુભવીએ છીએ. ગયા વર્ષે અમે ૧૪મા સ્થાને હતા અને ૨૦૧૯માં અમે ૯મા સ્થાને પહોંચ્યા છીએ તે અમારા માટે ગૌરવની બાબત છે. અમે આગામી સમયમાં ઉત્તમ સ્થાન હાંસલ કરવા માટે પ્રયત્નશીલ રહીશું.' નાઈપરની દેશની બે અન્ય ઉભરતી સંસ્થાઓ-મોહાલી અને હૈદ્રાબાદને પણ ટોચની ૧૦ સંસ્થાઓમાં સ્થાન હાંસલ થયું છે અને તેમને અનુક્રમે ત્રીજુ અને છઠ્ઠુ સ્થાન હાંસલ કર્યુ છે.

નાઈપર, અમદાવાદ આંતરરાષ્ટ્રિયસ્તરે ટીચીંગ, સંશોધન અને ઉદ્યોગ સાહસિકતા તાલિમ ક્ષેત્રે ટોચની સેન્ટર ઓફ એક્સેલન્સ સંસ્થા તરીકે સ્થાન પામવાની મહેચ્છા ધરાવે છે. નાઈપર, અમદાવાદ ખાતે શિખવવામાં આવતા વિવિધ વિદ્યાશાખાઓના અભ્યાસક્રમો અને સાંસ્કૃતિક વૈવિધ્યને કારણે નવતર પ્રકારના સંશોધન અને વિદ્યાર્થીઓનો સર્વગ્રાહી વિકાસ શક્ય બને છે.



### ધાનેરા ખાતે કેન્દ્રિય મંત્રી પરષોત્તમ રૂપાલાની જાહેરસભા યોજાઈ

ધાનેરા ખાતે કેન્દ્રિય મંત્રી પરષોત્તમ રૂપાલાની જંગી જાહેરસભા યોજાઈ હતી. રૂપાલાએ કોંગ્રેસને આડે હાથે લેતાં જણાવ્યું હતુ કે કાશ્મીરમાં પથ્થરબાજોને અંકુશમાં લેનાર દેશના લશ્કરના કમાન્ડો ગુંડાગર્દી કરે છે તેવું કહેનારા કોંગ્રેસના આગેવાનોએ ઓળખી લેવા જનતાને અનુરોધ કર્યો હતો. તેમણે મતદારોને સાવધાન કરતાં જણાવ્યું હતુ કે જો અહીંથી કોંગ્રેસના ઉમેદવાર જીતીને જશે તો આવા લફંગાઓને ટેકો આપશે, તો પોતાનો કિંમતી મત આપતા પહેલા સો વાર વિચારીને આપશો. આ સભાને પૂર્વ રાજ્યમંત્રી અને બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરી, વા. ચેરમેન માવજીભાઈ દેસાઈએ પણ સંબોધીને ભાજપાના ઉમેદવાર પરબતભાઈ પટેલને જંગી મતોથી વિજયી બનાવવા અપીલ કરી હતી.

### જામીન અરજી

● અનુસંધાન પહેલાનું ચાલુ

પોતાના ગાળા દરમિયાન પોતાના પદનો દુરુપયોગ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, તેમણે જામીન અરજી એટલા માટે કરી છે જેથી તેમના પોલિટિકલ ગતિવિધિને આગળ વધારી શકે.લાલૂ પ્રસાદે પોતાની તબિયત સારી ન હોવાના કારણે જામીનની માંગ કરી હતી. સુપ્રીમ કોર્ટમાં લાલૂ તરફથી ઝારખંડ હાઈકોર્ટના ચુકાદાને પડકાર ફેંકાયો હતો. હાઈકોર્ટે જામીન અરજી ફગાવ્યા બાદ લાલૂ પ્રસાદ યાદવે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. સીબીઆઈએ કહ્યું હતું કે, ૨૦૧૯ી સામાન્ય ચૂંટણી અને મેડિકલના આધાર પર કરવામાં આવેલી જામીન અરજી હાઈકોર્ટમાં ફગાવી દેવાઈ છે અને સ્વાસ્થ્ય લઈને હવે સુપ્રીમ કોર્ટમાં અરજી કરાઈ હતી. કેન્દ્રીય તપાસ સંસ્થાએ કહ્યું હતું કે, લાલૂ યાદવ તરફથી રાજનીતિક ગતિવિધિને આગળ વધારવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે જેના લીધે જ આ જામીન અરજી કરવામાં આવી છે જેથી સીબીઆઈએ જોરદાર વિરોધ કર્યો હતો.

### ડાય હાર્ડ ફેન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે જુના ફિલ્મોના ગીતો પણ સ્ટોરીને અનુરૂપ બનતા હતા. સંગીતકાર પણ રાગ રાગિણી પર ગીતો રજુ કરતા માટે જ અજરા અમર હતા જેમાં હીન્દી તેમજ ઉર્દુ શબ્દોનો ઉપયોગ થતો હતો પરંતુ આજે પાંચ પાંચ સંગીતકારો હોવાની સાથે પંજાબી, હરિયાણી અને અંગ્રેજી શબ્દોનો ઉપયોગ કરવામાં આવે છે. આપ કી કસમનુ જીન્દગી કે સફર મેં બિછડ જાતે હે વો મકામ વો ફીર નહીં આતે.. ગીત તેમનુ હોટ ફેવરીટ છે. આમછતા ફિલ્મની સ્ટોરી સાથે સુસંગત હોતા નથી. જયોતિષ ભટ્ટને મુંબઈના ફિલ્મસ્તાન સ્ટુડીયોમાં અમિતાભને મળી લીધા બાદ હવે ભગવાનના દર્શન કરવાની પણ ઈચ્છા રહી નથી પરંતુ એકવાર ફિલ્મફેર એવોર્ડના કાર્યક્રમમાં હાજરી આપવાની ખેવના ચોકકસ છે.

### સુકા વૃક્ષો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવશે. પરંતુ હાલ શહેરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરિક વિસ્તારમાં માર્ગોની આસપાસ સુકાયેલા વૃક્ષો પણ જોખમી હાલતમાં હોવાનુ ધ્યાને આવ્યુ છે. અગાઉ ઘ-૫ થી સરકીટ હાઉસ તરફના માર્ગ પર આસપાસથી સુકાયેલા વૃક્ષોની કટોતી કરવામાં આવી હતી. વરસાદી દિવસો નજીકમાં છે ત્યારે વનતંત્ર દ્વારા વૃક્ષો રાહદારીઓ માટે જોખમી ન બને તે માટે ભયજનક વૃક્ષોની કટોતી કરવામાં આવી રહી છે. જેની સાથે વૃક્ષોનુ ટ્રીમીંગ પણ કરવામાં આવી રહ્યુ છે. સે-૫ માં સુકાયેલા વૃક્ષો દુર કરવા માટે વનતંત્ર દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી છે.

### દિકરો છું

● અનુસંધાન પહેલાનું ચાલુ

મને ૨૬ બેઠકો આપજો. પાંચ વર્ષમાં મેં કોંગ્રેસના મોટા નેતાઓને જેલના દરવાજે લાવીને મૂક્યા છે અને હવે પાંચ વર્ષ પછી તેઓ જેલની અંદર હશે.

મોદી તેમના હોમ સ્ટેટ ગુજરાતમાં ખિલ્યા હતા. તેમણે સૌરાષ્ટ્રમાં જનસભા સંબોધી હતી. મોદી ઈમોશનલ બની ચૂક્યાં હતા. તેમણે ગુજરાતની ૨૬ બેઠકો પર ભાજપની જીત માગી છે. મતદારોને અપીલ કરી હતી કે હું તમારો દિકરો છું. દિકરાને નારાજ કરશો નહીં. મારા ઉપર ભ્રષ્ટાચારનો કોઈ ડાઘ લાગ્યો નથી.

મોદીએ કોંગ્રેસ પર આરોપ મૂકીને કહ્યું હતું કે કોંગ્રેસમાં હવે તુઘલક રોડ ઈલેક્શન ગોટાળો સામે આવ્યો છે. મધ્યપ્રદેશમાંથી એટલી મોટી માત્રામાં કોંગ્રેસના રૂપિયા પકડાયા છે કે આ રાજ્ય કોંગ્રેસ માટે એટીએમ બની ચૂક્યું છે.

મોદીએ કહ્યું કે મોદી જ્યારે આતંકવાદ હટાવવાની વાતો કરે છે ત્યારે કોંગ્રેસ તેમના સાથી મિત્રોને સાથે રાખીને મોદીને હટાવવાની વાતો કરે છે. એવી કોઈ ગાળ નથી કે કોંગ્રેસે તમારા દિકરાને આપી ન હોય. મને ગાળો દેવામાં કોંગ્રેસે કોઈ કસર છોડી નથી. કોંગ્રેસ પાસે મોદી હટાવો સિવાય કોઈ વાત નથી.

મોદીએ જૂનાગઢમાં સર્જીકલ સ્ટ્રાઈકનો ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું હતું કે અમારા પગલાંને કારણે કોંગ્રેસ ડરી ગઈ છે. મોદીએ મજાકમાં કહ્યું હતું કે કોંગ્રેસનો મેનીફેસ્ટો ૨૩મી મે સુધી છે જ્યારે ભાજપનો મેનીફેસ્ટો પાંચ વર્ષ સુધી ચાલશે.